**ભેદભાવ નહીં કરવા અંગે નીતિ નિવેદન [Nondiscrimination Statement of Policy]**

રાજ્ય અને ફેડરલ નાગરિક કાયદાઓનું પાલન કરતા, સાન્ટા ક્લેરા વૅલી પરિવહન એજન્સી [Santa Clara Valley Transportation Agency] (VTA) ખાતરી કરે છે કે કોઈપણ વ્યક્તિને વર્ણ, રંગ, ધર્મ, રાષ્ટ્રીય મૂળ, વંશીય સમૂહની ઓળખ, ધર્મ, ઉંમર, અસમર્થતા, જાતી, જાતીય અભિમુખતા, કે આનુવંશિક માહિતીના આધારે VTA દ્વારા પૂરા પડાતા તમામ કાર્યક્રમો, સેવાઓ કે પ્રવૃત્તિઓમાં ભાગ લેતાં બાકાત રાખવામાં નહીં આવે, કે તેના લાભો કે સેવાઓ નકારવામાં નહીં આવે, કે અન્યથા તેની સાથે તેમાં ભેદભાવ કરવામાં નહીં આવે.

**અસમર્થતા ધરાવતા અમેરિકનો માટેના અધિનિયમ [Americans with Disabilities Act] હેઠળ નોટિસ**

**સાન્ટા ક્લેરા વૅલી પરિવહન એજન્સી [Santa Clara Valley Transportation Agency]**

અસમર્થતા ધરાવતા અમેરિકનો માટેના 1990ના અધિનિયમ [AmericanswithDisabilitiesAct](“ADA”)ની જરૂરિયાતો અનુસાર, સાન્ટા ક્લેરા વૅલી પરિવહન એજન્સી [Santa Clara Valley Transportation Agency](VTA) તેની સેવાઓ, કાર્યક્રમો કે પ્રવૃત્તિઓમાં અસમર્થતા ધરાવતી પાત્ર વ્યક્તિઓ સાથે અસમર્થતાના આધારે ભેદભાવ નહીં કરે.

**રોજગાર:** VTA તેની કામે રાખવાની કે રોજગારની પ્રણાલિકાઓમાં અસમર્થતાના આધારે ભેદભાવ નથી કરતા અને તે યુએસના સમાન રોજગારી તક કમિશન [U.S. Equal Employment Opportunity Commission] દ્વારા અમલમાં મુકાયાની જાહેરાત કરેલા તમામ વિનિયમોનું પાલન કરે છે.

**અસરકારક સંદેશાવ્યવહાર:** વિનંતી કરવાથી સામાન્યપણે VTA અસમર્થતા ધરાવતી પાત્ર વ્યક્તિઓ માટે અસરકારક સંદેશાવ્યવહાર તરફ દોરતા યોગ્ય સહાયક સાધનો અને સેવાઓ પૂરી પાડે છે, જેમાં સાંકેતિક ભાષામાં નિપુણ પાત્ર દુભાષિયાઓ, બ્રેઈલમાં દસ્તાવેજો, અને વાચા, શ્રવણ કે દૃષ્ટિની ક્ષતિઓ ધરાવતા લોકો માટે માહિતી અને સંદેશાવ્યવહાર સુલભ બનાવવાની અન્ય રીતોનો સમાવેશ થાય છે, જેથી તેઓ VTAના કાર્યક્રમો, સેવાઓ અને પ્રવૃત્તિઓમાં સમાન રીતે ભાગ લઈ શકે.

**નીતિઓ અને કાર્યપદ્ધતિઓમાં ફેરફાર:** VTA એ વાતની ખાતરી કરવા માટે નીતિઓ અને કાર્યક્રમોમાં તમામ તર્કસંગત ફેરફારો કરશે કે અસમર્થતા ધરાવતા લોકોને તેના તમામ કાર્યક્રમો, સેવાઓ અને પ્રવૃત્તિઓ માણવાની સમાન તક મળે. ઉદાહરણ તરીકે, સેવા આપનારા પ્રાણીઓ રાખનારી વ્યક્તિઓને VTAના વાહનો, ટ્રાન્ઝિટ સુવિધાઓ અને વહીવટી કચેરીઓમાં આવકારવામાં આવે છે કે જ્યારે પાળતુ પ્રાણીઓને સામાન્યપણે મનાઈ હોય છે.

VTAના કાર્યક્રમ, સેવા કે પ્રવૃત્તિમાં ભાગ લેવા અસરકારક સંદેશાવ્યવહાર માટે ગૌણ સહાયક સાધન કે સેવા, અથવા નીતિઓ કે કાર્યપદ્ધતિઓમાં ફેરફારની જરૂર હોય તેવી કોઈપણ વ્યક્તિએ નીચેનાનો સંપર્ક કરવો જોઈએ:

ADA કોડરડુ ેનેટર (ADA Coordinator)

Santa Clara Valley Transportation Authority

3331 North First Street, B1

San Jose, CA 95134

(408) 321-2300

www.vta.org

કૃપા કરીને ADA કોર્ડિનેટર (ADA Coordinator) નો શક્ય એટલા જલદી સંપર્ક કરો પરંત અનુસૂચિત કાર્યક્રમ પહેલાં 72 કલાકની અંદર.

ADA અનુસાર VTA માટે એવી કોઈ કાર્યવાહી કરવી જરૂરી નથી કે જે મૂળભૂત રીતે તેના કાર્યક્રમો કે સેવાઓના પ્રકારને બદલે, અથવા અનુચિત નાણાકીય કે વહીવટી બોજ લાદે.

VTAનો કાર્યક્રમ, સેવા કે પ્રવૃત્તિ અસમર્થતા ધરાવતી વ્યક્તિઓ માટે સુલભ નથી તેવી ફરિયાદો VTAના ADA કોર્ડિનેટર (ADA Coordinator) ને મોકલવી જોઈએ (સંપર્ક માહિતી ઉપર આપેલ છે).

VTA ગૌણ સહાયક સાધનો/સેવાઓ પૂરી પાડવાના, જેમ કે એવા સ્થળોથી વસ્તુઓ પાછી લાવવી કે જે જાહેર જનતા માટે ખુલ્લા હોય પણ વ્હીલચેરનો ઉપયોગ કરતી વ્યક્તિઓ માટે સુલભ નથી હોતા, અથવા નીતિમાં તર્કસંગત ફેરફારો કરવાના ખર્ચને આવરી લેવા માટે અસમર્થતા ધરાવતી અમુક વ્યક્તિ કે અસમર્થતા ધરાવતી વ્યક્તિઓના કોઈ સમૂહ પર સરચાર્જ નહીં લગાવે.